આઈટી એકશન પ્લાન હેઠળ આઈ.ટી. સંબંધિત ખરીદી માટેની ગ્રાન્ટ Gujarat Informatics Ltd (GIL) મારફતે GSFS ખાતે રાખી ખર્ચ કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : **WCDD/IMR/e-file/23/2022/0964/B (ICDS)**
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૪/૧૦/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક- આઈસીડી/૧૧૨૦૨૨/૧૫૫/બ, તા.૨૮/03/૨૦૨૨

**આમુખ:**

વંચાણે લીધા ક્ર.(૧) પરના ઠરાવથી આઈ.ટી. સંબંધિત ખરીદી માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ Gujarat Informatics Ltd.(GIL) મારફતે GSFS ખાતે તા.30/૦૯/૨૦૨૨ સુધી જમા રાખી ખર્ચ કરવા મંજુરી આપવામાં આવેલ હતી. આઇ.ટી. સંલગ્ન આઇટમોની ખરીદી અંગે GSFS માં જમા કરાવેલ રકમની પાર્કીંગની મંજૂરી તા.૩૧/03/૨૦૨3 સુધી લંબાવવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે આઈ.ટી. સંબંધિત ખરીદી માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ Gujarat Informatics Ltd (GIL) મારફતે GSFS ખાતે પાર્ક રકમ રૂ.૫૧૨.૪૪ લાખ ની ખર્ચ કરવાની સમય મર્યાદા તા.૩૧/03/૨૦૨3 સુધી પાર્ક કરી ખર્ચ કરવાની નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) જમા રકમ અંગે તા.૩૧/03/૨૦૨3 સુધીમાં અચુકપણે ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે.

(૨) જમા કરાવેલ રકમ GSFS ખાતે ડીપોઝીટ તરીકે મુકવાની રહેશે.

(3) નિયામકશ્રી (આઈસીડીએસ) એ ખાતરી કરવાની રહેશે કે, GSFS માં પાર્ક કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજ્ય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચુકપણે જમા થાય.

(૪) સદર રકમ જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.

(૫) ખર્ચ/ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખ. ક્રમાંકની ઇ-ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૧/૧૦/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સતિષ પટેલ)
સેકશન અધિકારી,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

- સચિવશ્રી, (આ.બા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી,(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
- બજેટ શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ.